Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

> અભિમાન કહે છે કે
> કોઈની જરૂર નથી
> અનુભવ કહે છે કે
> ધૂળની પણ
> જરૂર પડે છે.

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 22 ● Issue No. - 258 ● 1st March 2025 Price Rs. 2/- ● Pages-12

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ............(બોરીયાવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એન. શાહ.............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ..............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

**મેનેજીંગ ટ્રસ્ટી**

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ...................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ................... (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ.................. (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ..................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ...................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ...................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ......................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિજનો,

સમાજના ઉત્કર્ષ માટે શિક્ષણ અનિવાર્ય છે. શિક્ષણ થકી જ જ્ઞાતિની દરેક વ્યક્તિ સ્વાવલંબી થઈ શકે અને સન્માનપૂર્વક રહી શકે. જ્ઞાતિના વિદ્યાર્થીઓ ભણી-ગણીને ખાસ કરીને ટીએએસ, આઈપીએસ, મેડીકલ, એન્જિનીયરીંગ, એમબીએ, સી.એ., વકીલાત જેવી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવું હશે તેનો લાભ આપણા સમાજને મળશે. આર્થિક રીતે સક્ષમ ન હોય તેવા કુટુંબોને સહાય કરવી તેવી અમારી નેમ છે.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ, અંતર્ગત સંચાલિત શૈક્ષણિક સમિતિની મીટીંગમાં અમદાવાદ જ્ઞાતિમંડળના સભ્યોના સંતાનોને વર્ષ ૨૦૨૫ માટે ફુલસ્કેપ ચોપડાના વિતરણ અને જે કરાર થયો તે નીચે મુજબ છે.

- જે જ્ઞાતિજન અમદાવાદ જ્ઞાતિમંડળનો આજીવન કે વાર્ષિક સભ્ય હોય અને તેમનું સંતાન કે સંતાનો ધો.૧ થી કોલેજ સુધી અભ્યાસ કરતું હોય ત્યાં સુધી અભ્યાસ કરતા હોય તેમને જ ચોપડા મળશે.
- દરેક વિદ્યાર્થી દીઠ ઘણા રાહત દરે ત્યાંથી મળશે. (૨) ફક્ત ચોપડા જ મળશે. દા.ત. એક પરિવારમાં અભ્યાસ કરતા ત્રણ સંતાનો હોય તો તેમને કુલ ૬ (છ) ડઝન ચોપડા મળી શકે છે.
- વિદ્યાર્થીનું જે તે ધોરણનું પરિણામ આવી ગયું હોય તો તેની માર્કશીટની ઝેરોક્ષ રજૂ કરવાની રહેશે અને જો પરિમામ ન આવ્યું હોય તો જે તે ધોરણની વાર્ષિક ફી ભર્યાની રીસીપ્ટ-પાવતીની ઝેરોક્ષ આપવી પડશે.
- ગયા વર્ષની જેમ આ વર્ષે પણ આ ફુલસ્કેપ ચોપડા મેળવવા માટે ઓનલાઈન તા.૨૦-૩-૨૦૨૫ સુધીમાં સબમીટ કરવાનું રહેશે.
- જે જ્ઞાતિજન પાસે સાદો ફોન હોય તેમનો આ ગુગલફોર્મમાંથી વિગતો સાદા ફુલસ્કેપ કાગળમાં સુવાચ્ય અક્ષરે ભરીને ફોટો બીજા કોઈના સ્માર્ટ ફોન દ્વારા નીચે આપેલ મોબાઈલ નંબર પર વોટ્સએપથી મોકલી શકશો.
- ઉપરોક્ત ઠરાવ અંગેની સંપૂર્ણ જાહેરાત અને અમદાવાદ મંડળના વોટ્સએપ ગ્રુપ દ્વારા તા.૨૦-૨-૨૦૨૫ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેમાં ગુગલની લીક પણ આપેલી છે. જેની પણ ફરી વખતો વખત મંડળ દ્વારા અપડેટ કરીને જ્ઞાતિજનોને માહિતગાર કરવામાં આવશે.
- ફોર્મ ભરવામાં કે કોઈ બાબતમાં ખ્યાલ ન આવે તો શૈક્ષણિક સમિતિના કન્વીનર શ્રી સંદીપભાઈ શાહ (મો.) ૯૮૨૫૭૮૭૫૪૯ અને સહ કન્વીનર શ્રી ઉન્મેષભાઈ શાહ (મો.) ૯૪૨૬૩૪૯૪૦૭ તથા જ્ઞાતિમંડળનો હેલ્પલાઈન નં.૭૦૪૬૬૦૨૩૭૫નો સંપર્ક કરવા વિનંતી.

  **ખાસ નોંધ :** ગયા વર્ષે જ્ઞાતિના ઘણા સભ્યોના ચોપડા માટે તારીખ વીતી ગયા પછી ફોન આવ્યા હતા. પરંતુ તેમણે ફોર્મ ભર્યાં નહોતા તેથી તેઓને ચોપડા મળી શક્યા ન હતા. તેથી આ વખતે યાદ રાખીને તા.૨૦-૩-૨૦૨૫ સુધીમાં ગુગલ ફોર્મ અચૂક ભરી મોકલવા વિનંતી.

આપના કુટુંબમાં અમદાવાદમાં રહેતા ૧૮ વર્ષથી વધુ વયના યુવાન પુત્ર હોય અને હજુ સુધી અમદાવાદ જ્ઞાતિમંડળના સભ્ય ન થયા હોય તો તેમણે વહેલી

# પરિવાર પત્રિકા

સૌજન્ય દાતા

(જાન્યુઆરી-૨૫ થી ડીસેમ્બર-૨૫)



**સ્વ.કાન્તાબેન શશીકાન્તભાઈ ગાંધી**

(મોટેરા) અમદાવાદ

જન્મ તા.૦૧-૦૬-૧૯૪૮ - સ્વ.તા.૧૦-૦૭-૨૦૨૩

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના

**સદ્‌ગતની સ્મૃતિમાં**

અલકા હિતેશકુમાર ગાંધી

હિતેશકુમાર બકુભાઈ ગાંધી

ચાર્મી હિતેશકુમાર ગાંધી

વિધિ હિતેશકુમાર ગાંધી

**સ્વ.કમળાબેન પોપટલાલ ગાંધી**

**સ્વ.પોપટલાલ મોહનલાલ ગાંધી**

પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)

શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)

શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)

કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)

મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)

સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)

સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)

સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)

સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

તકે મંડળની ઓફિસે પધારી આજીવન સભ્યપદ મેળવી લેવા વિનંતી. વાર્ષિક સભ્ય હોય તેમણે પણ આજીવન સભ્યપદ મેળવી લેવું જોઈએ.

- શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળના સમગ્ર જ્ઞાતિજનોને કામ માટે માહિતી મેળવવા માટે અમદાવાદ ખાતે કાર્યાલયનો લેનલાઈન મોબાઈલ નંબર (૦૭૯) ૨૬૬૦૨૩૭૫ છે. સોમવાર સિવાય ૧૦.૩૦ થી ૬.૦૦ દરમ્યાન સેવા ઉપલબ્ધ છે.
- ધાર્મિક સામાજિક અને અવસાનના સમાચાર, સમગ્ર જ્ઞાતિજનોને પહોંચાડવા માટે મોબાઈલ નં. ૯૧ ૭૫૭૪૦૦૪૭૪૭ની સેવા ઉપલબ્ધ છે.
- હવે અવસાન-બેસણું જેવા તાકીદના સમાચાર સિવાયની સેવાઓ જેવી કે જ્ઞાતિજનો માટેની સાધર્મિક, એજ્યુકેશન, મેડિકલ જેવી કલ્યાણ યોજનાઓના ફોર્મ મેળવવા માહિતી પૂરી પાડવી.
- સરકારશ્રીની ભરતી જાહેરાત, આયુષ્યમાન કાર્ડ, વિધવા સહાય, વૃદ્ધ નિરાધાર સહાય, મહિલા રોજગાર યોજના, લઘુમતી, સમુદાય લાભ જેવી કલ્યાણ યોજનાના લાભ મેળવવા.
- કોઈપણ પ્રવૃત્તિમાં ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું હોતું હોય.
- જ્ઞાતિમંડળની વાડી (હોલ) બુકિંગ પરિવાર પત્રિકા મેળવવા, એડ્રેસ ફેરફાર, તપશ્ચર્યા માહિતી છે. જે જ્ઞાતિજનો ઓફિસ આવ્યા વગર સેવા મેળવી શકે તથા માહિતી પૂરી પાડી શકે તે માટે મોબાઈલ નં.(+૯૧ ૭૦૪૬૬૦૨૩૭૫) સવારના ૧૧.૦૦ થી સાંજના ૬.૦૦ ના સમય ઉપરોક્ત સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે.

ઉપરોક્ત નંબરો ઉપર મેસેજ પોસ્ટ કરતાં પહેલાં જ્ઞાતિબંધુઓને વિનંતી કે તેમમે તેમનું પુરૂં નામ, વતન, પોતાનો મોબાઈલ નં., અનુકુળતા હોય તો વડોદરા વસ્તીપત્રકનો ક્રમ નં. પાના નંબર લખીને આપને જે સેવાની જરૂર હોય તેની વિગત ટુંકમાં જણાવવી.

ઉપરોક્ત નંબર પર જ્ઞાન-માહિતી આપવા કે શુભેચ્છા સંદેશ પોસ્ટ ન કરવા.

અમદાવાદ જ્ઞાતિ મંડળ હજુ વધારે સારી સેવા આપ સૌને કઈ રીતે આપી શકીએ તે માટેના સૂચનો વોટ્સએપ પર આવકાર્ય છે. શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિમંડળ, અમદાવાદનું ટ્રસ્ટીગણ આપને ઉપરોક્ત નંબરે આપના મોબાઈલમાં સેવ કરી લેવા નમ્ર વિનંતી કરે છે.

આપના પરિવારમાં એક જ સરનામે, એક કરતાં વધારે પરિવાર પત્રિકા આવતી હોય , પિતા-પુત્ર અલગ ન રહેતા હોય છતાં ડબલ આવતી હોય તો આપ તેની લેખીત જાણ મંડળના કાર્યાલયે કરવા વિનંતી.

મેડીકલ સહાય સ્કીમ અંતર્ગત હોમિયાપેથીકતપાસ, માર્ગદર્શન અને દવા દર મહિને બે ગુરુવારે ડૉક્ટર શ્વેતાબેન આર. શાહ દ્વારા આપવામાં આવે છે. જ્ઞાતિજનોએ આ સેવાનો લાભ લેવા વિનંતી છે.

સાધર્મિક સહાય યોજના અંતર્ગત, દર વર્ષ બે વખત જરૂરિયાતવાળા પરિવારોને ખાદ્યસામગ્રી આપવામાં આવે જ છે. તેની સાથે આપવા માટે શ્રી બકુભાઈ છગનલાલ ગાંધી (સમોડા) અમદાવાદ પરિવાર તરફથી અનુમોદના રૂપે રૂા.૫૦૦૧/- જ્ઞાતિમંડળને આપવામાં આવેલ છે. જ્ઞાતિમંડળ આ પરિવારને શુભેચ્છા પાઠવે છે.

સમ્યગ્ જ્ઞાન પ્રસારનિધિ અંતર્ગત ધાર્મિક પાઠશાળા કાર્યરત છે. તો તેનો પણ લાભ લેવા જ્ઞાતિજનોને વિનંતી છે.

ભાવેશભાઈ એમ. શાહ- માનદ્‌મંત્રી ● રમેશભાઈ સી. શાહ-સહમંત્રી



વિમળાબેન રસિકલાલ શાહ

(લણવા - પૂના)

જન્મ તા.૧૭-૧૦-૧૯૩૪ ◎ સ્વ.૦૫-૧૦-૨૦૦૫

**સફળતાનો કોઈ મંત્ર નથી, એ તો માત્ર કઠીન પરીશ્રમનું ફળ છે.**

રસિકલાલ ચિમનલાલ શાહ

સરોજ મુકેશ શાહ ● મુકેશ જે. શાહ

જીગર ● હિમાંદ્રી ● મોલિક ● આનલ

રીયા-કહાન-વિહા

(ભાલક)

# શ્રી સુડતાળીસ જ્ઞાતિ જૈન સોશ્યલ ગ્રુપ

(મલાડ-ગોરેગામ)

આયોજીત

## શ્રી-અંતરીક્ષજી - બાલાપુર - ખામગાંવ - શેગાંવ - અકોલા પંચતીર્થી


## -:: યાત્રા પ્રવાસના સંપૂર્ણ લાભાર્થી પરિવાર ::-



પૂ. માતુશ્રી શાંતાબેન

## "શ્રી સંઘપતિ"

## પૂ. માતુશ્રી શાંતાબેન ભોગીલાલ શાહ પરિવાર



પૂ. પિતાશ્રી ભોગીલાલભાઈ



## હસ્તે : દિપાલીબેન મુકેશભાઈ શાહ

## પ્રિયાંશ - પ્રિયેશ

## (ઊંડણી - હાલ મલાડ - ઈસ્ટ)







જૈન શાસ્ત્રમાં ખૂબ જ સુંદર લખ્યું છે કે સમૂહતીર્થયાત્રા દ્વારા સમૂહ પુણ્ય બંધાય છે. આ વર્ષે (મલાડ-ગોરેગામ) જૈન સોશ્યલ ગ્રુપ સંચાલિત તેમજ માતુશ્રી શાંતાબેન અને પિતાશ્રી ભોગીલાલભાઈની અનુપમ પુણ્યાઈ અને પ્રેરણાથી, તેમના સંસ્કારીક પરિવારના સદસ્યો એવા અ.સૌ. દિપાલીબેન, મુકેશભાઈ તેમજ બે દીકરાઓ પ્રિયાંશ અને પ્રિયેશ દ્વારા ખૂબ જ સુંદર આયોજન શ્રી તારંગા જૈન તીર્થ તેમજ તેમના વતન એવા ઊંડણી ગામે જઈને ખૂબ જ ઉલ્લાસ અને આનંદથી પ્રભુભક્તિનો લાભ સકળ સંઘ જે ૨૫માં તીર્થંકર સમાન છે તે સૌને કરાવવાનો લાભ લીધો. તે બદલ તેમજ શ્રી અંતરિક્ષજી તેમજ અન્ય પંચતીર્થ યાત્રાનું આયોજન કરવા બદલ આ પરિવારે જે ઉત્તમ પુણ્યનું ઉપાર્જન કર્યું છે તે બદલ તે સર્વે પરિવારની શ્રી સંઘ ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

આવા સુંદર સરસ અનુષ્ઠાનો આપ કરાવતા રહો એવી શુભમંગળ કામનાની પ્રાર્થના કરીએ છે.

"ઈચ્છામિ સુક્કડમ્"

સેવા સહકાર સંકલન સંગઠન

# સંપાદકિય

## ભાગ્ય પુરુષાર્થીની પ્રેરણા રૂપ છે

દુનિયામાં પારાવાર અસમાનતાઓ અને અન્યાયો આપણે જોઈએ છીએ. કેટલાક આપણને અનેક બાબતમાં 'ભાગ્યશાળી' લાગે છે. આવા ભાગ્ય માટેની એમની કોઈ ખાસ લાયકાત પણ આપણી નજરે પડતી નથી. બીજી બાજુ જે સારા ભાગ્ય માટે અનેક રીતે લાયક છે અને ગુણગાન છે એવા માણસો બિચારા જાતજાતની કમનસીબીઓ વેઠતાં આપણે જોઈએ છીએ.

એક બાળક રૂપાળું કે કાળું જન્મે છે, એક બાળક બુદ્ધિશાળી કે મંદબુદ્ધિનું જન્મે છે. એક બાળક મહેલ જેવા બંગલામાં જન્મે છે, બીજું એક બાળક ઝૂંપડામાં જન્મે છે. એક કુટુંબ કંઈ કરે કે ન કરે, તેની સુખસાહ્યબીનો સૂરજ જાણે આથમતો નથી. પડોશમાં એક બીજું કુટુંબ છે તેને રોજેરોજ ભોજનનો સવાલ હોય છે.

હવે આ પ્રકારની વિષમતાઓ અને અન્યાયોનો કોઈ સંતોષકારક ખુલાસો આપણી પાસે નથી – સિવાય કે કર્મનો સિદ્ધાંત. માણસ જેવું કરે તેવું પામે. ક્રિયા અને પ્રતિક્રિયા, કાર્ય અને તેની અસર, શબ્દ અને પડઘો – આ બિલકુલ વૈજ્ઞાનિક બાબત છે. કારણ વિના કશું બનતું નથી. તમે જેવું વાવો તેવું લણો છો – આ કર્મનો સિદ્ધાંત લગભગ બધા ધર્મોએ સ્વીકારેલો છે. આમ તો તે એક વૈજ્ઞાનિક તથ્ય લાગે છે, પણ બીજાં અનેક વૈજ્ઞાનિક તથ્યોની જેમ તે કંઈક અપૂર્ણ લાગે છે. વાવો તેવું લણો, પણ જેણે બરાબર વાવ્યું હોય, વાવેલાની માવજત પણ કરી હોય અને છતાં તેનો પાક નાશ પામે અને તેના હાથમાં કશું જ ન આવે એવું બનતું આપણે જોઈએ છીએ, બીજી બાજુ કેટલાય માણસો જાણે વાવ્યા વગર જ સારો પાક લણતા હોય તેવું આપણે સગી આંખે જોઈએ છીએ.

પણ જો કર્મનો સિદ્ધાંત બિલકુલ જડ હોય અને ગયા જન્મમાં માણસે કરેલાં પાપ કે પુણ્ય, અને સત્કર્મો કે તેનું દુઃખનું ફળ તેણે ત્રાજવે તોળી–તોળીને ભોગવવાનું હોય તો પછી આ જન્મનો–જીવનનો અર્થ શું? ગયા જન્મનાં ફળો જ મારે ભોગવવાના હોય તો મારે કંઈ પણ કરવાનો અર્થ જ શું રહ્યો? હું કંઈ પણ સારું તો કરી શકવાનો નથી, કેમ કે ગયા જન્મનાં મારાં કર્મોએ મારા માટે કોઈ સ્વતંત્રતા રહેવા જ દીધી નથી ! છતાં હું ગમે તેમ કરીને સારાં કર્મો કરવા જાઉં તો તેનો બદલો તો મને હવે પછીના જન્મમાં જ મળે ! ખરેખર કર્મનો આ જ સિદ્ધાંત છે? સિદ્ધાંત જો આટલો બધો ચુસ્ત અને યાંત્રિક હોય તો મારા જીવનનો કોઈ અર્થ જ રહેતો નથી. મારા માટે સારા માણસ બનવાની પણ કોઈ ચાનક રહેતી નથી. મારે શા માટે સારા બનવું જોઈએ? ગયા જન્મમાં કુકર્મોનું જ ફળ મારે ભોગવવાનું છે. હું સારું કરું કે ખરાબ કરું તો તેની કોઈ અસર મારા વર્તમાન જીવન પર તો પડવાની નથી. કંઈ પણ પરિણામ મારા આ જિંદગીના કોઈક પુરુષાર્થનું આવવાનું હોય તો તે આવતા જન્મમાં જ આવવાનું?

એક બીજી વાત પણ સમજવા જેવી છે. આપણી ઉપર જે કંઈ સુખ–દુઃખ આવી પડે છે તે આપણા ઈરાદાપૂર્વકના કોઈ કાર્યનું સીધું જ પરિણામ હોતું નથી. માનો કે એક માણસ રસ્તા ઉપર ચાલ્યો જાય છે. સખત પવન ફૂંકાય છે અને તેની ઉપર ઝાડની એક ડાળી તૂટી પડે છે. આમાં એ માણસનો દોષ શું? કોઈ કહે કે તે પવન ફૂંકાતો હતો અને ઘરની બહાર નીકળ્યો અને તેથી તેટલા પૂરતી તેની જવાબદારી, પણ માણસ કંઈ આવો વિચાર કરીને પોતાના ઘરમાં પુરાઈને રહી ન શકે. કોઈ કહે કે તેના ગતજન્મના કોઈક કર્મનું તેને ફળ મળ્યું. આમ જુઓ તો અકસ્માત બનવાનું કારણ તો ફૂંકાતો પવન અને ઝાડની નબળી ડાળ જ છે, પણ તેનું પરિણામ એક નિર્દોષ માણસને ભોગવવું પડે છે. પણ માણસ એમ વિચારી શકે કે આવું તો બની જ શકે છે. માણસ પોતાના ઘરમાં બેઠો હોય અને તેની ઉપર કોઈક વજનદાર વસ્તુ પડે તેવું બની શકે છે. આમાં પૂર્વજન્મના કર્મ માટે અફસોસ કરીને દુઃખી થવાની જરૂર નથી. જિંદગીની આવી અચાનકતાઓને પહોંચી વળવાની, સહી લેવાની શારીરિક, માનસિક સુસજ્જતા માણસે કેળવવી જ જોઈએ.

ટૂંકમાં કર્મના સિદ્ધાંતને અફર ભાગ્ય કે અફર નિયતિરૂપે જોવાની જરૂર નથી. માણસ પોતાની સ્વતંત્ર ઈચ્છાશક્તિ અને વિવેકબુદ્ધિની ઉપયોગ કરીને પુરુષાર્થ વડે ભાગ્ય તથા સંજોગોને બદલી શકે છે. ભલે પૂર્વજન્મના કર્મોના ફળ ભોગવવાં પડે, પણ માણસ સાથેસાથે આ જન્મમાં પુરુષાર્થ વડે, પોતાની સુસજ્જતા વધારીને પોતાના જીવનની દિશા બદલી શકે છે અને ખરાબ ફળને ઓછું કરી શકે છે.

બકુભાઈ સી. ગાંધી (સમોડ)-સંપાદક ● રમેશભાઈ સી. શાહ(કમાણા)-સહ સંપાદક

## "તન રોગો કી ખાન હૈ, ધન ભોગો કી ખાન"

જ્ઞાન સુખો કી ખાન હૈ, દુઃખ ખાન અજ્ઞાન"

આપણું ઔદારિક શરીર એ રોગોથી ભરેલું છે, એટલે કે રોગોની ખાણ છે. તેમાં એકેક રૂંવાડા ઉપર પોણા બબ્બે રોગો રહેલા છે, પણ એનો ઉદય થયો નથી, સત્તામાં પડેલા છે. જ્યાં સુધી સત્તામાં પડેલા છે ત્યાં સુધી સુખપૂર્વક ધર્મારાધના કરી શકાશે. દન એ ભોગોની ખાણ છે તમે જાણો છે કે માનવી પાસે ધન ન હોય ત્યારે એ સાદગીભર્યું જીવન જીવતો હોય છે? ખાવા–પીવામાં, પહેરવા–ઓઢવામાં, નાટક–સિનેમા વગેરે મોજશોખો ઉપર કેટલો કંટ્રોલ હોય છે પણ જ્યારે માનવી પાસે ધનના ઢગલા ખડકાય છે ત્યારે તે ભોગવિલાસમાં ડૂબી જાય છે. એટલે જ કહ્યું છે કે ધન એ ભોગોની ખાણ છે અને જ્ઞાન એ સુખની ખાણ છે. કારણ કે જ્ઞાન દ્વારા જીવ શુભાશુભ કર્મના ફળ જાણી શકે છે. તેને જીવ–અજીવ વિગેરેનું જ્ઞાન થાય છે. જો આત્મજ્ઞાનનું જીવનમાં આગમન થતા વિષયો પ્રત્યે વિરાગ આવે છે. સાચું શું, ખોટું શું એની સાચી સમજણ આવે છે. આવો જ્ઞાનવાન આત્મા સુખમાં છલકાતો નથી ને દુઃખમાં અકળાતો નથી. એ ગમે તેવા સંયોગોમાં સમભાવ રાખી શકે છે. જ્યારે અજ્ઞાની મનુષ્યને જીવાજીવનું ભાન નથી. સાચા ખોટાની જાણ નથી, કરવા યોગ્ય શું છે ને છોડવા યોગ્ય શું છે તે જાણતો નથી તેથી તેને પળે પળ દુઃખની અનુભૂતિ થાય છે આથી જ્ઞાતિએ અજ્ઞાનને દુઃખની ખાણ કહી છે.

અજ્ઞાન એક પ્રકારનો અંધાપો છે. કર્મના ઉદયથી કોઈ માણસ આંખે આંધળો બને છે ત્યારે એને માટે જગત અંધકારમય બની જાય છે પણ આજે તો આપણે નજર સમક્ષ જોઈએ છીએ કે જેમની બાહ્યદૃષ્ટિ ખુલી છે ને આંતરદૃષ્ટિ બંધ છે તેવા અજ્ઞાની આત્મા રાત–દિવસ અશાંતિની આગમાં ઝૂરે છે અને પોતાની ભૂલો બીજા ઉપર આરોપ મૂકીને નવા કર્મો બાંધી સંસાર વધારે છે. જ્યારે જ્ઞાની આત્માને કર્મનો ઉદય થાય ત્યારે તે પોતાના કર્મોનો દોષ દેખે છે તે કોઈના ઉપર આરોપ મૂકતો નથી. જ્ઞાન દ્વારા સમભાવથી ઉદયમાં આવેલા કર્મોને ખપાવી શકાય છે. જ્ઞાનગ્નિ સર્વ કર્માણિ ભસ્મસાત કુરુતે અજ્ઞાત્ જો સમ્યક્જ્ઞાન રૂપી અગ્નિનો એક તણખો કર્મના ગંજને ક્ષણવારમાં ભસ્મીભૂત કરી દે છે. આમ જ્ઞાની આત્મા દુઃખથી ગભરાતો નથી પમ દુઃખના કારણને શોધીને તેને જડ મૂળમાંથી નાબૂદ કરે છે. આથી જ્ઞાન જેવું કોઈ અમૃત નથી ને અજ્ઞાન જેવું કોઈ વિષ નથી.

# ❀ ❀ ❀ ❀ ❀ સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે ❀ ❀ ❀ ❀ ❀

**રૂ.૩૧,૧૧૧** અને **૧૧,૦૦૦** મળીને કુલ **રૂ.૪૨,૧૧૧** યોગદાન

શ્રીમતી પ્રવિણાબેન (સલાહકાર, મહિલા મંડળ, અમદાવાદ) અને શ્રી બકુભાઈ છગનલાલ ગાંધી (સમોડા–અમદાવાદ) (મેનેજીંગ ટ્રસ્ટીશ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ)ની સુપૌત્રી અને શ્રીમતી અલકાબેન અને શ્રી હીતેશકુમાર બકુભાઈ ગાંધીની સુપુત્રી ચિ.વિધિબેન હીતેશકુમાર ગાંધીના શુભ લગ્ન શ્રીમતી સંગીતાબેન (માલાબેન) અને શ્રી નયનકુમાર બાબુલાલ શાહ (મોટી નાતવાળા–અમદાવાદ)ના સુપુત્ર ચિ.રૂચિનકુમાર સાથે તા.૭–૨–૨૦૨૫ના રોજ સંપન્ન થયેલ છે. આ લગ્ન પ્રસંગની ઉજવણી પ્રસંગે શ્રી બકુભાઈ છગનલાલ ગાંધી (સમોડા–અમદાવાદ) એ સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે રૂા.૩૧,૧૧૧ (અંકે રૂપિયા એકત્રીસ હજાર એકસો અગિયાર પૂરા) તથા શ્રી નયનકુમાર બાબુલાલ શાહ (મોટી નાતવાળા–અમદાવાદ) એ સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે રૂા.૧૧,૦૦૦ (અંકે રૂપિયા અગિયાર હજાર પૂરા) યોગદાન આપેલ છે. શ્રીમતી પ્રવિણાબેન બકુભાઈ ગાંધીએ વર્ષો સુધી મહિલા મંડળના કાર્યકરથી શરૂ કરી પ્રમુખપદ સુધી સમાજ સેવાની ઉત્તમ કામગીરી કરીને હાલમાં સલાહકાર તરીકેનો હોદ્દો નિષ્ઠાપૂર્વક સંભાળી રહ્યા છે. તેમજ શ્રી બકુભાઈ છગનલાલ ગાંધીએ પણ શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદના એક અદના કાર્યકર તરીકે કામગીરી શરૂ કરીને મંડળના સેક્રેટરી તથા પ્રમુખપદની ઉત્તમ કામગીરી કરીને હાલમાં મેનેજિંગ ટ્રસ્ટી તરીકેનો હોદ્દો નિષ્ઠાપૂર્વક સંભાળી રહ્યા છે. હવે સુપૌત્રીના લગ્ન પ્રસંગે સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે પણ માતબર રકમ આપીને આર્થિક રીતે પણ ઉત્તમ સામાજિક ભાવના દર્શાવી છે. સમગ્ર સમાજ તરફથી નવદંપતિને ખૂબ ખૂબ આશીર્વાદ આપવામાં આવે છે તથા બંને પરિવારની આભાર સહ ખૂબ ખૂબ અનુમોદના કરવામાં આવે છે.

**રૂા.૫૫૦૦** અને **રૂા.૨૫૦૦** મળીને **રૂા.૮૦૦૦** તથા કેળવણી ક્ષેત્રે **રૂા.૫૫૦૦** મળીને કુલ રૂા.૧૩૫૦૦ યોગદાન

શ્રીમતી પ્રિતીબેન અને શ્રી ભાવેશકુમાર મહેશભાઈ શાહ (ભાલક અમદાવાદ) (મહામંત્રીશ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ)ના સુપુત્ર ચિ.હર્ષલના શુભલગ્ન શ્રીમતી સમીબેન અને શ્રી રીતેશકુમાર દિનેશભાઈ શાહ (તરભ–અમદાવાદ)ની સુપુત્રી ચિં.કેંજલબેન સાથે તા.૧૪–૨–૨૫ના રોજ સંપન્ન થયેલ છે. આ લગ્ન પ્રસંગની ઉજવણી પ્રસંગે શ્રી ભાવેશકુમાર મહેશભાઈ શાહ (ભાલક–અમદાવાદ)એ સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે રૂા.૫૫૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર પાંચસો પુરા) અને કેળવણી ફંડ ખાતે પણ રૂા.૫૫૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર પાંચસો પુરા) મળી કુલ રૂા.૧૧૦૦૦ યોગદાન દાન આપેલ છે.

રીતેશકુમાર હિતેશભાઈ શાહ (તરભ–અમદાવાદ) એ સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે રૂા.૨૫૦૦ (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) યોગદાન આપેલ છે.

સમગ્ર સમાજ તરફથી નવદંપતિને આશીર્વાદ આપવામાં આવે છે તથા બંને પરિવારનો આભાર સહ ખૂબ ખૂબ અનુમોદના કરવામાં આવે છે.

સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે **રૂ.૧૧,૦૦૦/-** અને રૂ.**૫,૦૦૦/-** મળીને કુલ રૂ. **૧૬,૦૦૦/-** યોગદાન.....

શ્રીમતી હેમાબેન અને શ્રી અજયભાઈ રસિકલાલ શાહ (ભાલક–અમદાવાદ ) ની સુપુત્રી ચિ. પ્રાચિનાં શુભલગ્ન શ્રીમતી હેમાબેન અને શ્રી મહાવીરભાઈ મણીલાલ શાહ (બોડિયાવાળા– હાલ: અમદાવાદ ) ના સુપુત્ર ચિ. વર્ષિતકુમાર સાથે તા.૦૩–૦૨–૨૦૨૫ ના રોજ સંપન્ન થયેલ છે. આ લગ્ન પ્રસંગની ઉજવણી પ્રસંગે શ્રી અજયભાઈ રસિકલાલ શાહ ( ભાલક– અમદાવાદ ) એ સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે **રૂ.૧૧,૦૦૦/-** ( અંકે રૂપિયા અગિયાર હજાર પુરા ) યોગદાન આપેલ છે. તથા શ્રી મહાવીરભાઈ મણીલાલ શાહ ( બોડિયાવાળા– હાલ: અમદાવાદ) એ સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે **રૂ.૫૦૦૦/-** ( અંકે રૂપિયા પાંચ હજાર પુરા) યોગદાન આપેલ છે. સમગ્ર સમાજ તરફથી નવદંપતિને આશીર્વાદ આપવામાં આવે છે તથા બંને પરિવારની આભાર સહ ખુબ ખુબ અનુમોદના કરવામાં આવે છે.

આશાબેન અને શ્રી હિતેશકુમાર ભાઈલાલભાઈ ઉત્તમલાલ શાહ (ભાલક અમદાવાદ)ની સુપુત્રી ચિ.દેવાંશીના શુભ લગ્ન શ્રીમતી જયાતિકાબેન અને શ્રી શૈલેષભાઈ જયંતીલાલ શાહના સુપુત્ર ચિ.વિનયકુમાર (સનીકુમાર) સાથે તા.૪–૨–૨૫ના રોજ સંપન્ન થયેલ છે. આ લગ્ન પ્રસંગની ઉજવણી પ્રસંગે શ્રી ભાઈલાલભાઈ ઉત્તમલાલ શાહે સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે **રૂા.૫૦૦૧** (અંકે રૂપિયા પાંચ હજાર એક પૂરા) દાન આપેલ છે જેની ખૂબ ખૂબ આભાર સહ અનુમોદના કરવામાં આવે છે.

**રૂ.૨૧,૧૧૧**



સ્વ.રમણલાલ વાડીલાલ શાહ
(બોરીયાવી-હાલ-અમેરિકા)

શ્રીમતી ભાનુમતીબેન રમણલાલ વાડીલાલ શાહ (બોરીયાવી–હાલ–અમેરિકા)એ રૂા.૨૧,૧૧૧ (અંકે રૂપિયા એકવીસ હજાર એકસો અગિયાર પૂરા) (હસ્તે શ્રી રાજેશકુમાર રમણલાલ શાહ) નું સાધર્મિક વાત્સલ્ય ફંડ ખાતે યોગદાન

સ્વ.રમણલાલ વાડીલાલ શાહે શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ અમદાવાદના પ્રમુખ તરીકે ખૂબ જ સારી કામગીરી કરી હતી તથા હાલના જ્ઞાતિ મંડળના હોલ માટે જમીન ખરીદવા તથા બાંધકામ માટે ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

હાલમાં તેમના પરિવારજનોની પણ સમાજ માટેની આ લાગણી અને ઉમદા ભાવનાને સમગ્ર જ્ઞાતિ મંડળ બિરદાવે છે અને તેમના પરિવારજનો ખૂબ ખૂબ આભાર સહ અનુમોદના કરવામાં આવે છે.

**રૂ.૨૧,૦૦૦**



સ્વ.સુશીલાબેન સૂર્યકાન્તભાઈ શાહ
(ઉનાવા-હાલ-અમદાવાદ)

સ્વ.શ્રી સૂર્યકાન્તભાઈ કેશવલાલ શાહ (ઉનાવા–હાલ–અમદાવાદ)ના ધર્મપત્ની સ્વ.સુશીલાબેનની પુણ્યતિથિ નિમિત્તે તથા તેમના સુપુત્રી ચિ. સાધનાબેનની જન્મતિથિ નિમિત્તે ચિ.સાધનાબેને અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક સહાય ક્ષેત્રમાં સાધર્મિક વાત્સલ્યમાં સાધર્મિક પરિવારનો જીવનજરૂરી ખાદ્યસામગ્રી પેટે રૂા.૨૧૦૦૦નું દાન આપેલ છે. ગત માસ ફેબ્રુઆરીમાં પણ આપેલું. આ પરિવાર કોઈને કોઈ નિમિત્તે અમદાવાદ જ્ઞાતિમંડળને અવાર–નવાર દાન આપે જ છે. મોરનાં ઈંડા ચીતરવાં ન પડે એ ન્યાયે સૂર્યકાન્તભાઈની જેમ તેમની સુપુત્રી ચિ. સાધનાબેને પણ સમાજના સાધર્મિક જ્ઞાતિજનો પ્રત્યે લાગણી રાખીને આ જ્ઞાનપ્રવાહ ચાલુ રાખ્યો છે તે ખરેખર પ્રશંસનીય, અનુમોદનીય છે. સંપત્તિનો સદ્ઉપયોગ કરવા બદલ તેમને ધન્યવાદ. અમદાવાદ જ્ઞાતિમંડળ તેમનો ખૂબ આભાર માને છે.

**રૂ.૫,૦૦૦**



સ્વ.નવીનચંદ્ર ચંદુલાલ શાહ
બોકરવાડા

બોકરવાડા નિવાસી માતા કમળાબેન અને પિતાશ્રી ચંદુભાઈ ન્હાલચંદ શાહના સુપુત્ર સ્વર્ગસ્થ શ્રી નવીનચંદ્ર ચંદુલાલ શાહ યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડીયામાં મેનેજર પદે સેવા આપી નિવૃત્ત થયેલ. તેઓ સ્વભાવે સરળ અને શાંતિપ્રિય હતા. નિવૃત્ત થયા પછી તેઓએ ૨૫ વર્ષ સુધી મહાવીર શ્રુતિ મંડળ તથા માંગલ્ય કેળવણી ટ્રસ્ટમાં સ્વૈચ્છિક સેવાઓ આપેલ હતી. તેઓશ્રીની પુણ્ય સ્મૃતિમાં તેમના પરિવાર તરફથી સાધર્મિક ક્ષેત્રે રૂા.૫૦૦૦નું દાન જ્ઞાતિ મંડળને આપેલ છે.

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ સંચાલિત સમ્યગ્જ્ઞાન પ્રસારનિધિના ઉપક્રમે યોજાયેલ સ્નાત્ર મહોત્સવ

**ખૂબ ખૂબ અભિનંદન સહ આભાર સાથે ભૂરી ભૂરી અનુમોદના**







- આજ રોજ શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ અમદાવાદના ઉપક્રમે "સમ્યક્ જ્ઞાન પ્રસાર નિધિ સમિતિ અંતર્ગત જ્ઞાતિ મંડળના હોલ પર સ્નાત્ર પૂજા" ભણાવવામાં આવી હતી.
- સમિતિના કન્વીનર બહેનશ્રી અંજનાબેન વિક્રમભાઈ ગાંધીએ સ્પષ્ટ સૂત્રોચ્ચાર અર્થ સહિત સમજણ મ્યુઝિક સિસ્ટમ પર સુંદર સ્તવનો સાથે ખૂબ સુંદર રીતે પૂજા ભણાવી હતી.
- શ્રી વિક્રમભાઈ નવીનતલાલ ગાંધી બહેનશ્રી ચેતનાબેન ભરતકુમાર શાહ તથા આશાબેન રમેશભાઈ શાહે બધી જ ક્રિયા વિધિમાં રસપૂર્વક ખૂબ જ સારી કામગીરી કરી હતી.
- શ્રી દિલીપકુમાર જેઠાલાલ શાહે બે દિવસ દરમિયાન દેરાસરને લગતી તથા તમામ પૂજા સામગ્રી ખરીદીની કામગીરીની જવાબદારી ઉત્સાહભેર બેખૂબીથી નિભાવી હતી.
- સહ કન્વીનર શ્રી નિતિનકુમાર રીખવચંદભાઈ શાહ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી ભાનુમતીબેનના નિજ ગૃહે પ્રસંગ હોય તે રીતે ઉત્સાહભેર તમામ કામગીરી સંભાળી લીધી હતી.
- હાજર રહેલા હોદ્દેદારો અને જ્ઞાતિજનોએ પણ પૂજાની દરેક વિધિમાં ઉલ્લાસપૂર્વક ભાગ લીધો હતો અને જ્ઞાતિ મંડળના હોલ પર પ્રથમ વખત આવો પૂજાનો કાર્યક્રમ થયો હોવાથી આવા અવારનવાર ધાર્મિક કાર્યક્રમ યોજવાની લાગણી વ્યક્ત કરી હતી.

પુન: તમામના ખૂબ ખૂબ આભાર સહ અનુમોદના

## ધાર્મિક સમાચાર

❁ શ્રી ખરોડ મુકામે બિરાજમાન શ્રી શાન્તિનાથ ભગવાનની ૧૦૬મી સાલગિરી મહાસુદ-૧૩ને તારીખ ૧૦-૨-૨૦૨૫ને સોમવારના રોજ અત્યંત હર્ષ અને ધામધૂમપૂર્વક ઉજવવામાં આવી. આ મંગલ દિવસે ૧૨૫ વ્યક્તિઓની હાજરીમાં સત્તરભેદી પૂજા, સાંજે દાદાની ભવ્ય આંગી તથા રાતે ભાવના ભણાવવામાં આવેલી. અને કુમારપાળ મહારાજના રૂપે પ્રભુની આરતી ઉતારી. આ વર્ષગાંઠના પ્રસંગે જીવદયાની ખૂબ સારી ટીપ થઈ હતી. પૂજા ભણાવવા માટે ડીસાવાળા શ્રી હિરેનભાઈ વ્યાસ આવેલા. આપણા સમાજના શ્રી ભૂપેન્દ્રભાઈ એન. શાહે (ગાંભુ) સ્વાદિષ્ટ રસોઈ બનાવેલી. આ વર્ષગાંઠની ઉજવણીનો સંપૂર્ણ લાભ શ્રીમાળી વિદ્યાબેન ચંદ્રકાન્તભાઈ શાહ - હસ્તે રેશ્માબેન મનીષભાઈ શાહે લીધો હતો.

❁ ભાલક તીર્થમાં મૂળનાયક ભગવાનશ્રી ધર્મનાથ ભગવાનનું જન્મ કલ્યાણક મહાસુદ-૩ તા.૦૧-૦૨-૨૦૨૫ના રોજ અઢાર અભિષેક સાથે ૧૭૫થી વધુ ભાવિક ભક્તોની હાજરીમાં ખૂબ જ ઉલ્લાસપૂર્વક અને ઉત્સાહભેર આચાર્ય ભગવંતશ્રી શિવસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં અને સંગીતકાર શ્રી પંકજભાઈ વોરાની સંગીત સુરાવલિમાં સંપન્ન થયો.

સ્નાત્રપૂજા સહિત તેર (૧૩૦ ભગવાન તેમજ અધિષ્ઠાયક દેવશ્રી માણિભદ્રવીરના અભિષેક વિધિપૂર્વક કરવામાં આવ્યા. આ પ્રસંગે દાતાશ્રીઓનું તેમજ ગામની બેન-દિકરીઓનું અભિવાદન કરવામાં આવ્યું. સૌએ નવકારશી તેમજ બપોરે સ્વાદિષ્ટ ભોજનનો લાભ લીધો. સંઘપૂજન પણ કરવામાં આવ્યું. ત્યારબાદ સૌ અમદાવાદ પરત આવ્યા.

## શ્રી જૈન દશા શ્રીમાળી ૪૭ જ્ઞાતિ પરિવાર મહેસાણા

૧૭,એ, શાંતિનાથ સોસાયટી, સીમંધર જૈન દેરાસર પાછળ, મહેસાણા.

**સંવત વર્ષ ૨૦૨૪-૨૫, ૨૫-૨૬, ૨૬-૨૭**

**માનનીય ટ્રસ્ટીશ્રીઓ**

ભદ્રેશકુમાર સુરેન્દ્રકુમાર શાહ (બોરીયાવી) મો.૯૮૨૫૧૫૧૪૦૭
તુષારભાઈ (વિપુલકુમાર) મહેન્દ્રકુમાર શાહ (બોદલા) મો.૯૮૨૫૦૭૦૨૦૨
વિક્રમકુમાર બાબુલાલ શાહ (ઉનાવા) મો.૯૮૨૪૦૯૨૧૦૭
મનીષકુમાર જગદીશચંદ્ર શાહ (બોદલા) મો.૯૮૨૫૦૧૬૭૬૦
જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ (બોરીયાવી) મો.૯૦૮૧૮૫૨૧૧૧

**હોદ્દેદારો તથા કમિટી મેમ્બર્સ**

પ્રમુખશ્રી - જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ (બોરીયાવી) મો.૯૬૬૨૫૫૨૧૧૧
ઉપપ્રમુખશ્રી - ભાવિન ચંદ્રકાંત શાહ (ઉનાવા) મો.૯૬૬૨૫૩૨૯૮૯
મંત્રીશ્રી - આશિષ જગદીશચંદ્ર શાહ (બોદલા) મો.૯૮૨૫૭૧૫૪૬૨
સહમંત્રીશ્રી - કલ્પેશ બાબુલાલ શાહ (દેણપ) મો.૯૩૭૭૨૯૧૨૧૧
ખજાનચી - રોનક ઈશ્વરલાલ શાહ (ચાણસ્મા) મો.૯૪૨૬૪૩૪૭૮૮
ફેનીલ કમલેશકુમાર શાહ (વિસનગર) મો.૮૧૪૦૪૨૦૦૦૦
દર્શન દિનેશચંદ્ર શાહ (રણુજ) મો.૯૭૨૬૪૫૫૯૫૫
હેત તુષારભાઈ શાહ (બોદલા) મો.૭૫૬૭૪૪૩૦૩૧
ભાવિન ભદ્રેશકુમાર શાહ (બોરીયાવી) મો.૯૪૨૬૮૭૪૧૬૯
હાર્દિક સૂર્યકાંત શાહ (ઉનાવા) મો.૮૮૬૬૧૨૪૨૩૨
મિલન રાકેશભાઈ શાહ (તરભ) મો.૯૯૭૪૮૪૯૦૮૯




હોસ્પિટલમાં એક સૂચના :
"ધૂમ્રપાનથી તમારુ વજન ઘટે છે.
શરીરમાંથી ફેફસાનું વજન ઓછું થાય છે."

"ડોક્ટરસાહેબ તમે દારૂથી થતાં નૂકશાન
વિશે જે પુસ્તક આપ્યું છે તે વાંચીને દારૂની
ભયાનકતા વિશે જાણ્યું.
એટલે હવે મેં એ પુસ્તક વાંચવાનું છોડી દીધું."

"સફળતા જ સાચો સગો છે.
જેટલી સફળતા વધુ
એટલા સગાં વધારે."

દરેક સફળ પુરુષની પાછળ
એક વિસ્મિત સ્રી હોય છે.

એક વાણંદની દુકાન ઉપરનું લખાણ :
"અમારો વ્યવસાય તમારા
મસ્તકને આભારી છે."

છટકબારી બધી શોધોની જનેતા છે.

કોરોનાએ તો માણસાઈ જીવંત કરી
ટેસ્ટ તમે કરાવો અને
પ્રાર્થના આજુ બાજુ વાળા કરે
કે નેગેટીવ આવે તો સારુ.

પત્ની : સવાર પડી ગઈ
ઉઠો ફટાફટ હું ભાખરી કરું છું.
પતિ : હું ક્યાં તાવડી ઉપર સુતો છું.
તું ભાખરી કર ને....

## અનુમોદના ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૫૧૦૦**



શ્રી બકુભાઈ છગનલાલ ગાંધી (સમોડા-અમદાવાદ)

**સૌના સુખમાં પોતાનું સુખ સમજે એવી વ્યક્તિને જગતની કોઈ શક્તિ ક્યારેય દુ:ખી કરી શકતી નથી.**

જ્ઞાતિમંડળ અમદાવાદના તમામ પ્રકારના કાર્યોના અનુભવનો અઢળક ખજાનો ધરાવતા તેમજ વહીવટી કુનેહ અને પીઢ એવા પૂર્વ માનદ્મંત્રી, પ્રમુખ તેમજ હાલ મેનેજીંગ ટ્રસ્ટી તરીકે સેવા આપતા શ્રી બકુભાઈ છગનલાલ ગાંધી (સમોડા–અમદાવાદ) પરિવારે તેમના મા જન્મદિન પ્રસંગે સાધર્મિક પરિવારોને આપવામાં આવતી જીવન જરૂરિયાતની ખાદ્ય સામગ્રી સાથે રોકડ રકમ આપવામાં આપવા માટે રૂા.૫૧૦૦ અનુમોદના રૂપે આપેલ છે. તેઓ સ્પષ્ટ મંતવ્ય ધરાવે છે કે જો સમાજને જીતવો હોય તો એને સહાયક બનીને જ જીતી શકાય.

તેમના સહ ધર્મચારિણીશ્રી પ્રવિણાબેન પણ સમાજના મહિલામંડળમાં ઘણા વર્ષોથી સક્રિય નોંધપાત્ર સેવા આપી રહ્યા છે. તેમનો સમગ્ર પરિવાર પણ સમાજલક્ષી કાર્યોમાં ખૂબ જ કાર્યરત રહ્યો છે.

અમે યાદ આપવું ખૂબજ જરૂરી છે કે તાજેતરમાં તેમની સુપૌત્રી ચિ. વિધિના શુભ લગ્ન પ્રસંગે પણ સાધર્મિક પરિવારોને યાદ કરીને સાધર્મિક વાત્સલ્ય ફંડમાં **રૂા.૪૨,૧૧૧**નું દાન આપેલ છે.

જ્ઞાતિમંડળ, અમદાવાદ સમાજ પ્રત્યેની તેમની સદ્ભાવનાને બિરદાવી ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## બદલાયેલા સરનામા

**મહેસાણા**

**રમેશકુમાર બાબુલાલ શાહ........................(વિસનગર)**
૫-૧૦-૯૧, ચકલા પોળ, બજાર ટાવર, વિસનગર,
જી.મહેસાણા-૩૮૪૩૧૫. મો.૯૮૨૫૫૭૭૯૧૮

**મુંબઈ**

**અરવિંદભાઈ એમ. શાહ...............................(દેણપ)**
બી-૪૦૨, ધર્મેન્દ્ર એપાર્ટમેન્ટ, નેક્ટસ ટુ બરીયા એપાર્ટમેન્ટ,
આદિત્ય એપાર્ટમેન્ટ પાછળ, એસ.વી. રોડ, મલાડ,
મુંબઈ-૪૦૦૦૬૪. મો.૯૮૧૯૫૮૦૦૧૭

**મયંક રજનીકાન્ત શાહ..............................(ઉનાવા)**
૩૦૨-૩૦૩, જે-૨૫ આઈ. કોટી હાઈટસ્, મહાવીરનગર,
દહાણુકરવાડી, કાંદીવલી (વે), મુંબઈ-૪૦૦૦૬૭
મો.૯૯૬૭૮૯૦૦૯૯, ૯૩૨૨૨૫૯૮૭૫

**વિચારો ગમે તેટલા
જાગૃત અને ઊંચા હોય
પણ જ્યાં સુધી તેનો અમલ ના થાય
ત્યાં સુધી તેની કોઈ કિંમત નથી.**

પ્લેનમાં પણ જૈન ફૂડની વ્યવસ્થા રાખવી પડે છે એ દેખાડે છે કે જૈનોની ક્ષમતા કેવી છે! આવું તો જ શક્ય બને જો તમે તમારા ધર્મને અખૂટ પ્રેમ કરતા હો. એટલે તો ચાલીસ જણના ફૂડનો ભેગો ઓર્ડર દેવાતો હોય ત્યારે વચ્ચે એકલો જૈન હાથ ઊંચો કરીને પોતાના માટે જૈન ફૂડ લાવવાનું કહી શકે છે

આપણે વાત કરીએ છીએ જૈનોની જેનોએ પોતાનો એક અલગ જ ચીલો ચાતર્યો છે. હમણાં હું આફ્રિકા ગયો. અગાઉ પણ ગયો છું, પણ હમણાં આફ્રિકા ગયો ત્યારે સાવ અજાણ્યા એવા નાના શહેરમાં ગયો હતો. ક્યોને તમે, મારા ગોંડલ જેવડું એ ગામ. મેં ત્યાં એક જગ્યાએ એક હ કાળિયાની દુકાને વાંચ્યું, વી આર સર્વિંગ જૈન.

મારી તો આંખું ફાટી ગઈ. મેં જઈને મારી ભાંગીતૂટી અંગ્રેજીમાં પૂછ્યું તો માળો બેટો એ વેંત ચડયો. મને કર્યું, 'યુ આર નોટ જૈન... મને તો એનું અંગ્રેજીને સમજાતું નહોતું એટલે પછી મારા ઑર્ગેનાઇઝરે ત્યાંની લોકલ બોલીમાં તેની સાથે વાત કરી તો ખબર પડી કે તેને મારું અંગ્રેજી સાંભળીને ખબર પડી ગઈ કે હું જૈન નથી!

જૈનોની એક ખાસિયત છે, તે કંઈ પણ કરે, મન લગાવીને કરે. ફરી વાત કરીએ જૈનોના ફૂડ પ્રેમની તો હું હળવી શૈલીમાં કાયમ જૈનો વિશે કહું કે આખા દેશમાં એક ટકાથી પણ ઓછી કમ્યુનિટી હોવા છતાં ગામડાના વીસ રૂપિયાની ભેળવાળાને પણ લખવું પડે કે જૈન ભેળ મળશે. આ તમારા ધર્મની તાકાત છે. ક્યાંય કોઈ દુકાને તમે સિંધી ભેળ કે કડવા પાટીદાર રગડો પેટીસ મળે છે. એવું તમે વાંચ્યું છે? તમે પ્લેનમાં જાઓ તો પ્લેનમાં પણ ત્રણ જાતનું જ ફૂડ મળે. વેજિટેરિયન, નોન-વેજિટેરિયન અને જૈન, આ જૈનોની તાકાત છે. આઇફલ ટાવરની નીચે મેં જૈન હોટ ડોગ વેચતો ફ્રેન્ચ્યો જોયો છે ને આ હું વાત તમને સોગન ખાઇને કહું છું. ટૂર-ઓપરેટરોને પૂછી લેજો, એ લોકોએ જેનો માટેની અરેન્જમેન્ટ કરી જ હોય, જો ન કરે તો અડધી ટૂર ખાલી રહે! ફોરેનમાં ક્યાંય પણ જૈનોને એ ટૂરમાં ચોવિહાર કરાવી દેવામાં આવે અને ચોવિહારના ટાઇમનું ધ્યાન ટૂર સાથે ગયેલા ઑપરેટર રાખે. જૈનોએ પોતાની આ જે મોનોપોલી એનો તેને ગર્વ પણ હોય. આ જે ગર્વ છે એ ગર્વ જ જૈન ધર્મને વેંત ઊંચો લઈ જાય છે.

ગઈ દિવાળીએ અમારા ગોંડલમાં એક દુકાને 'જૈન ફટાકડા' વેચાતા હતા. હું તો કોથળો ભરી આવ્યો. પરે ટ્રાય કરી, પણ ફૂટયાં જ નહીં. દુકાનદારને ફરિયાદ કરતાં તેણે મસ્ત જવાબ આપ્યો કે ભાઈ, જૈન

ફટાકડા છે. અહિંસક જ હોય, હું તો કોથળો ભરી આવ્યો. પરે ટ્રાય કરી, પણ ફૂટયાં જ નહીં. દુકાનદારને ફરિયાદ કરતાં તેણે મસ્ત જવાબ આપ્યો કે ભાઈ, જૈન

ફટાકડા છે. અહિંસક જ હોય, આમાં ધડાકો પણ ન થાય અને ધુમાડો પણ ન નીકળે. પછી તો મેં મારી




ઘરવાળીને કહ્યું કે ફોઇડ! આ તો પલંગ માથે ફોડવામાં પણ નુકસાન નથી.

આ તો હસવા ખાતર વાત થાય છે, બાકી દોસ્તો, એક પણ વાણિયાનો દીકરો પશુપાલન ન કરતો હોવા છતાં મને એ ગૌરવ સાથે કહેવા દો કે દેશની બે લાખ જેટલી પાંજરા પોળો કે ગૌશાળાઓ જીવતી હોય તો એમાં મુખ્ય દાન જૈનોનું હોય છે. પૂ.રત્નસુંદરવિજયજી મહારાજસાહેબ જેવા અનેક સાધુભગવંતો આજની તારીખે એક ક્રાન્તિકારીની જેમ ગુજરાતી ભાષામાં ઢગલાબંધ સુંદર પુસ્તકો

રચીને આપણા સૌના વાંચન અને જીવનના સડી ગયેલા ટેસ્ટને સુધારવા મથી રહ્યા છે તો કચ્છના કલાપૂર્ણસુરીજીએ કારગિલના શહીદો માટે ખુબ મોટું દાન એકઠું કર્યું હતું. પંન્યાસ ચંદ્રશેખરજીએ દીવાદાંડી બનીને લોકોને જીવનરાહ ચિંધાડયો એ કેમ ભુલાય! વળી પૂ. નમ્રમુનિજીએ આ ફેસબુક જનરેશનને જૈનિઝમ તરફ વાળી. એ સૌને સો સલામ. દોસ્તો, તમને યાદ તો છેને ક્રાન્તિકારી વીર લાલા લજપતરાય જૈન હતા. પ્રખર ચિંતક ઓશો રજનીશ અને શિરમોર વૈજ્ઞાનિક ડો.વિક્રમ સારાભાઈ પણ જૈન સમાજનાં રત્નો હતાં અને અકબર સાથે જે બીરબલની આપણે બહુ વાર્તાઓ સાંભળી છે એ બિરબલ પણ જૈન હતા. અત્યારે 'મિડ-ડે'માં કોલમ લખતા આચાર્ય શ્રી ઉદયવલ્લભસૂરિજીને વાંચવાની તક 'મિડ-ડે'ના કારણે પહેલી વાર મળી અને હું આભો રહી ગયો. ક્યાંય જૈન ધર્મની વાત નથી, ક્યાંય જૈન ધર્મના પ્રચારનો ભાવ નથી. વાત છે તો માત્ર સમાજકલ્યાણ અને માનવકલ્યાણની આ જે ભાવ છે એ ભાવ જ જૈન ધર્મને વધારે ખમતીધર બનાવે છે.

જૈનોનો નવકાર મંત્ર મને આખો મોઢે છે અને એનો મને ગર્વ છે. આ જે નવકાર મંત્ર છે એ છે જૈનોનો, પણ એ સમગ્ર વિશ્વનો કલ્યાણકારી મંત્ર છે. જૈનેતર માટે પણ એટલો જ સિદ્ધ અને સાર્થક છે. જૈનોની એકેક ધાર્મિક પ્રથામાં વિજ્ઞાન છે. કોઇ પણ એક વીક ચોવિહાર પાળી બતાવે તેને દવાખાને ન જ જવું પડે એ ગેરન્ટી, હિમાદાદા એટલે જ કાયમ કહેકે આ વાણિયાની નાત ઝટ માંદી નથી પડતી, કારણ કે એની ફૂડ રેસિપી ખૂબ સાયન્ટિફિક છે અને એટલે જ તો વાણિયાઓ હોસ્પિટલમાં દરદી બનીને નહીં, દાતા બનીને આવે છે.

જૈનો દાન દેવામાં ક્યાંય પાછા પગ ન કરે. જો જોવું હોય તો પર્યુષણ દરમ્યાન જઈને એક વાર જોઈ લેવું. જે ઘી બોલાય અને બોલાતા ઘીની જે રકમ થાય એ સાંભળીને મિલ-ક્લાસને તો ટાઢ ચડી જાય. મજાની વાત કહું તમને, બોલી બોલનારાને મળો ત્યારે તમને ખબર પડે કે એ ભાઈ પણ મિડલ-ક્લાસ છે, ફરક માત્ર એટલો છે કે ધર્મની અને આપવાની વાત આવે ત્યારે તેમનું ગજવું છપ્પન ઇંચની છાતી જેવું વિશાળ થઈ જાય છે. થ્રી ક્લેપ્સ ફોર ઓલ જૈન, જૈન ફિલસૂફીને દિલથી સન્માનું છું અને એમ છતાં આ લેખમાં કોઇનું દિલ દુભાયું હોય તો 'મિચ્છા મિ દુક્કડમ'.

– સાંઈરામ દવે

श्रध्धांजलि · શોકાંજલિ · ભાવાંજલિ



# નવીનચંદ્ર ચંદુલાલ શાહ (બોકરવાડા)

જન્મ તા. ૩૦-૦૮-૧૯૪૧ ● સ્વ. તા. ૩૦-૦૧-૨૦૨૫

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે, દુઃખથી કદી ડર્યા નહીં, સુખથી કદી છલકાયા નહીં, વ્યવહાર કદી ચુક્યા નહીં, ધર્મ કદી ભૂલ્યા નહીં, સૌના હૃદયમાં વસતા રહ્યાં. આપ અમારા હૃદયમાં વાસ કરશો એવી પ્રાર્થના.

## મંજુલાબેન નવિનચંદ્ર શાહ

દિપેશ નવીનચંદ્ર શાહ
સોનલ દિપેશ શાહ
પર્વ સંજયભાઈ શાહ
ખુશ્બુ મીત શાહ
મીત દિપેશ શાહ

પીના રાજેશકુમાર શાહ
રાજેશકુમાર રસીકલાલ શાહ

અર્ચિત આર. શાહ
અમી અર્ચિત શાહ
આશ્વી

રૂશીલ આર. શાહ
બીજલ રૂશીલ શાહ
માહી, શીવાંશ

(ભાલક)

## ચંદુલાલ નીહાલચંદ શાહ પરિવાર

નિવાસસ્થાન : ૫, તૃપ્તિ સોસાયટી, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.૯૪૨૬૦૦૪૫૯૨, ૯૫૩૭૬૧૬૮૫૨

# અવસાન-શ્રધ્ધાંજલિ



**નવીનચંદ્ર ચંદુલાલ શાહ**
ગામ : બોકરવાડા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૩૦-૦૧-૨૦૨૫, ગુરુવાર



**વિજયકુમાર રસિકલાલ શાહ**
ગામ : ગાંભુ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૩૧-૦૧-૨૦૨૫, શુક્રવાર



**વર્ષાબેન હિમાંશુભાઈ શાહ**
ગામ : પીંઢારપુરા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૧-૦૨-૨૦૨૫, શનિવાર



**ચીનુભાઈ અમરતલાલ ગાંધી**
ગામ : મોઢેરા
હાલ : મુંબઈ
સ્વ. તા.૦૫-૦૨-૨૦૨૫, બુધવાર



**ચંદ્રિકાબેન રસિકલાલ શાહ**
ગામ : પીંઢારપુરા
હાલ : અંધેરી, મુંબઈ
સ્વ. તા.૧૬-૦૨-૨૦૨૫, રવિવાર



**સુરેશકુમાર રસિકલાલ શાહ**
ગામ : વીસનગર
હાલ : યુ.એસ.એ.
સ્વ. તા.૧૭-૦૨-૨૦૨૫,સોમવાર



**અંજનાબેન ધીરજલાલ શાહ (ઘીવાળા)**
ગામ : પાલજ
હાલ : મુંબઈ
સ્વ. તા.૧૯-૦૨-૨૦૨૫,બુધવાર



**હસમુખભાઈ હરગોવનદાસ શાહ**
ગામ : ખરવડા
હાલ : વિસનગર
સ્વ. તા.૨૦-૦૨-૨૦૨૫,સોમવાર



**જ્યોત્સનાબેન હસમુખલાલ શાહ**
ગામ : બોકરવાડા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૩-૦૨-૨૦૨૫,રવિવાર



**રસીલાબેન મહેન્દ્રભાઈ શાહ**
ગામ : લણવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૫-૦૨-૨૦૨૫,સોમવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**


## પરિવાર પત્રિકા

**જાહેરાતના ભાવ**

- ટાઈટલ-૪ (છેલ્લું પેઈજ)....................રૂા.૪૦૦૦/-
- ટાઈટલ-૩ (છેલ્લેથી અંદરનું પેઈજ)....................રૂા.૩૫૦૦/-
- (ટાઈટલ ૩ અને ૪ આર્ટપેપરમાં છપાશે)
- ઓર્ડીનરી એક પેઈજ....................રૂા.૩૦૦૦/-
- ઓર્ડીનરી અડધું પેઈજ....................રૂા.૨૦૦૦/-
- ઓર્ડીનરી પા પેઈજ....................રૂા.૧૫૦૦/-
- ફક્ત કોમર્શીયલ જાહેરાત 6cm x 9 cm....................રૂા.૬૦૦/-
- જન્મદિનની વધામણીની શુભેચ્છા જાહેરાત....................રૂા.૨૫૦/-
- સરનામા ફોન નંબરમાં ફેરફારની જાહેરાત....................રૂા.૧૦૦/-

A/c Name : Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal, Ahmedabad.
Bank : State Bank of India, Vasna, Ahmedabad.
A/c No. : 32075835516 ● IFSC : SBIN0002684







**લગ્ન ઈચ્છુકનો બાયોડેટા**
**ફોટો સાથે**
**વિનામૂલ્યે પ્રગટ**
**કરવામાં આવશે.**
**સુસ્પષ્ટ અક્ષરે લખાણ હોવું જરૂરી છે.**



અવસાન/શ્રધ્ધાંજલી વિના મૂલ્યે
ફોટા સાથે પ્રગટ કરવામાં આવે છે.
જ્ઞાતિજનોએ આ અંગેના સમાચાર
અમદાવાદ મંડળની ઓફિસે મોકલી આપવા.

# શ્રધ્ધાંજલિ



## સ્વ સુરેશકુમાર રસિકલાલ શાહ (વિસનગર) હાલ U S A

ઉંમર વર્ષ 82

જન્મ ૧૪ જૂન ૧૯૪૩ — મૃત્યુ ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫

અશ્રુ ભીની આંખે ની શબ્દ શ્રધ્ધાંજલિ
લી.

સ્વ બાબુલાલ મણીલાલ શાહ — સ્વ શારદાબેન બાબુલાલ શાહ

હસમુખલાલ બાબુલાલ શાહ
રેણુકા બેન હસમુખલાલ શાહ
જાગૃતિ -વિપુલકુમાર
મોનિકા- ભાવેશ
રશ્મિ -અમિત કુમાર
તોશીલ-સૃષ્ટિ-વંશિતા-બીનિશા-રાજ-જીત

ભરતભાઈ બાબુલાલ શાહ
ચેતનાબેન ભરતકુમાર શાહ
કૃતિ-અર્ચન
કનિશા-દર્પણ
ધ્વીતી-પાર્શ્વ-વંશ-નક્ષ

પ્રતિમાબેન સુરેશકુમાર શાહ
બીના -હિરેન
હિરલ -હર્ષિત
સોનિયા -રોનિત -જીયાન- ઝારા

સ્વ નરેશકુમાર ચંદુલાલ શાહ
સુરેખાબેન નરેશકુમાર શાહ
નિયતિ-નિર્માણ
કૃપા-રાહુલ
માનુષી-હિલરી-આયુષી-શ્રેયાંશી-દેવ

સ્વ અનિલ કુમાર ભાઈલાલ શાહ
જ્યોત્સનાબેન અનિલ કુમાર શાહ
શ્વેતા-મૌલિકકુમાર
રીતુ-પ્રિયંક
આયુષ

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



## ભાવભીની શ્રધ્ધાંજલિ



## સ્વ. કમળાબેન ભાઈલાલભાઈ શાહ

પુણ્યતિથિ તા.૧૧-૦૧-૨૦૨૫

જેમ ગોળ વિના મોળો કંસાર, તેમ મા વિના સૂનો સંસાર
પ્રભુએ વાત્સલ્ય અને કરુણાનું ઝરણું જનનીમાં વહાવ્યું છે
અમારી માતાએ જ્યારે અમને જન્મ આપ્યો ત્યારે તેમણે અમને વ્હાલથી છાતી સરસા વળગાડીને ધ્રુસકે ધ્રુસકે રડી હતી.
તે જ મા અમને સૌને તેમનાથી અળગા કરીને અનંતની યાત્રાએ ચાલી નીકળ્યા ત્યારે અમે સૌ પણ રડી પડ્યાં.
મા, સરી ગયો સમય આપની સ્મૃતિને સંભારતાં, વીતી ગયો સાસ આપની સર્વ યાદોને વાગોળતાં
ધન્ય જીવન જીવ્યા, પ્રસરાવી સુવાસ સત્કાર્યો તણી, પાર કરી ગયા ભવસાગર, પામ્યા પ્રીતિ પ્રભુ તણી
"જિંદગી તો દરેક જીવાત્મા જીવતા હોય છે, પણ એ જિંદગીને સત્કાર્યોની સુગંધ ફેલાવતા ઉપવન જેવું બનાવવું એ આપણા હાથમાં હોય છે." આવું માનવ જીવનનું મહત્ત્વ સમજાવનાર અમારી પ્રેમાળ, શાંત, કરૂણામયી, ધર્મનિષ્ઠ અને સંસ્કારોનું સિંચન કરનારી અમારી માતાને પ્રથમ માસિક પુણ્યતિથિએ અને
સૌ હૃદયપૂર્વકની ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પીએ છીએ.
પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ

દક્ષા-વિજય શાહ
કુંજલ-ભરત શાહ
સિદ્ધિ-આશય શાહ
અક્ષત-અંશ-આર્યન-નીલ-વિરાટ

**વિજય ભાઈલાલ શાહ**
૧૫, કહાનનગર, એન.સી.કેલકર રોડ, શિવાજી પાર્ક પોસ્ટ ઓફિસ સામે,
દાદર, મુંબઈ-૪૦૦૦૨૮. મો.૯૮૨૦૩૨૧૦૪૨

વીણા-કિરીટકુમાર શાહ
નીતા-ચેતનકુમાર શાહ
અમી-કૃણાલકુમાર શાહ
દિશા-કરણ શાહ

**ભરત ભાઈલાલ શાહ**
૪૦૫, સાંઈશરણ, એન.સી. કેલકર રોડ, શિવાજીપાર્ક પોસ્ટ ઓફિસ સામે,
દાદર, મુંબઈ-૪૦૦૦૨૮. મો.૯૮૨૦૨૨૬૯૬૮

परिवार पत्रिका
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of
SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI